જીવના જોખમે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ

ખેડ ગામની પ્રાથમિક શાળા બે વર્ષથી નોન યુઝ કરી : જર્જરિત ઓરડામાં વિદ્યાર્થીઓને અભ્યાસ કરવો પડે છે : નવીન મંજુરી નહિ મળતા વિદ્યાર્થીઓને બહાર અભ્યાસ કરવો પડે છે : જીલ્લામાં ૬૦૦ ઓરડાની જરૂરિયાત

હિમતનગર, તા.૧૩

હિમતનગરની ખેડ પ્રાથમિક શાળા જર્જરિત ઓરડાને લઈને બે વર્ષથી નોન યુઝ થયેલી છે પરતું હજુ સુધી નવીન ઓરડા નહિ બનતા ૨૭૮ વિદ્યાર્થીઓને જીવના જોખમે અભ્યાસ કરવો પડી રહ્યો છે.

રાજ્ય સરકાર શિક્ષણ માટે અનેક જાહેરાતો કરે છે પરંતુ હકીકત કઈ અલગ જ દેખાઈ રહી છે ત્યારે કહેવાય છે કે ડુંગરા દુર થી રળિયામણા કઈક એવું જ આ દેખાતી ખેડ પ્રાથમિક શાળામાં છે આ ખેડ આદર્શ પ્રાથમિક શાળા બહાર થી સારી દેખાય છે પરંતુ જયારે શાળાના ઓરડામાં પ્રવેશ કરીએ ત્યારે જોવા મળે કે ઉપરની છતના પોપડા ઉખડી ગયા છે તો તેના ધાબાના સળિયા પણ દેખાઈ રહ્યા છે અને આ જોખમી અને જર્જરિત શાળામાં ૧ થી ૮ ધોરણમાં ૨૭૮ વિધાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે જીવના જીખામે અભ્યાસ કરી રહ્યા છે.વાત કરીએ તો સાબરકાંઠા જીલ્લાના હિમતનગર ના ખેડ ગામે આવેલ આદર્શ પ્રાથમિક શાળા બે વર્ષ પહેલા ૨૦૧૭ માં ૧ થી ૧૦ ઓરડા ધરાવતી પ્રાથમિક શાળામાં નવ ઓરડા નોન યુઝ કરાયા છે જે અંગે શાળા ધ્વારા દરખાસ્ત પ્રાથમિક શિક્ષણ વિભાગમાં રજુ કરી છે અને તેની અપસેટ પ્રાઈઝ પણ નક્કી કરાઈ છે પરતું હજુ સુધી નવીન ઓરડા નથી બની રહ્યા પરિણામે વિધાર્થીઓને પોપડા ઉખડી ગયેલ ઓરડામાં બેસી અભ્યાસ કરવો પડે છે જે શાળામાં આચાર્ય સહીત નવ શિક્ષકોનો સ્ટાફ છે જે શાળાનું બાધકામ વર્ષ ૧૯૮૦ માં થયું હતું ત્યારબાદ ૨૦૦૨ ના ભૂકંપ દરમિયાન શાળાને નુકશાન થતા તેને રીપેર કરાવી હતી પરંતુ વર્ષો વિતતા વરસાદને લઈને શાળાના ઓરડામાં છત માંથી પોપડા નીકળી ગયા છે અને સળિયા પણ દેખાય છે ઓરડા બહાર પેસેજ છે ત્યાં પણ આજ પરિસ્થિતિ છે તો સૌથી વધુ જર્જરિત બે ઓરડાને તો બંધ કરી દેવાયા છે અને તે ધો ૮ ના વિધાર્થીઓને બહાર ઝાડ નીચે બેસાડી ભણાવાય છે જયારે વરસાદ હોય ત્યારે તે વિધાર્થીઓને એક વર્ગમાં બે ધોરણ ભેગા કરી શિક્ષણકાર્ય કરવામાં આવે છે.તો ૧ થી ૭ ધોરણમાં પણ વિધાર્થીઓને જીવના જોખમે જર્જરિત ઓરડામાં નવીન ઓરડાના અભાવે શિક્ષણ કાર્ય ચાલી રહ્યું છે.ત્યારે આ જર્જરિત શાળાની મુલાકાત જીલ્લા નાયબ શિક્ષણાધિકારી અને શિક્ષણ સમિતિના ચેરમેન પણ મુલાકાત લીધી હતી. સાબરકાંઠા જીલ્લામાં ૧૨૨૩ પ્રાથમિક શાળાઓ આવેલી જ્યાં ૧ થી ૮ ધોરણમાં લગભગ ૧ લાખ ૬૦ હજાર જેટલા વિધાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે ત્યારે છેલ્લા ચાર વર્ષથી અત્યાર સુધીમાં જીલ્લામાં અંદાજીત ૮૦૦ થી ૮૫૦ ઓરડાઓ નોન યુઝ કરી સરકારમાં જીલ્લા પંચાયત ધ્વારા દરખાસ્ત કરી મોકલી આપવામાં આવેલ છે જેમાં ૪૦૦ થી ૪૫૦ જેટલા ઓરડા તો જર્જરિત છે જે ઓરડામાં શિક્ષણકાર્ય ચલાવવું એ જોખમી છે જે અંગે સરકારમાં રજૂઆત પણ કરેલી છે પરંતુ નોન યુઝ પૈકી ૨૦૦ થી ૨૨૫ જેટલા ઓરડા મંજુર કરી શિક્ષણની સરકારે મજાક ઉડાવી છે ત્યારે હજુ પણ બાકીના ૬૦૦ થી વધુ ઓરડા સરકાર ઝડપી મંજુર કરે તો જીલ્લામાં ચાલી રહેલ જોખમી શિક્ષણકાર્ય સલામતીમાં ફેરવાય તેમ છે.શિક્ષણ સમિતિના ચેરમેને જયારે ખેડ પ્રાથમિક શાળાની મુલાકાત લીધી ત્યારે ત્યાં તેમને તમામ ઓરડા જર્જરિત જોવા મળ્યા હતા જે શાળાના નવ ઓરડાની પણ સાથે જ દરખાસ્ત કરી મોકલી આપેલ હતી પરંતુ હાલ પણ શાળામાં અભ્યાસ કરતા વિધાર્થીઓને બહાર બેસાડી અભ્યાસ કરાવવાની પરિસ્થિતિ પેદા થઇ છે.તો સરકાર બાકીના ઓરડા મંજુર કરે તેવી માંગણી કરી રહ્યા છે.

આમ નોનયુઝ થયેલા પ્રાથમિક શાળાના બાકી ઓરડામાં વિધાર્થીઓ ક્યારે અભ્યાસ કરશે? તો જીવન જોખમે જર્જરિત ઓરડામાં અભ્યાસ કરી રહેલા વિધાર્થીઓ માટે સરકાર ક્યારે સંકટમોચન બનશે તે અગામી સમય જ બતાવશે.

ડીસામાં પાણીના નળમાંથી વીંછી નીકળતા ચકચાર

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં આવેલ પાણીની ટાંકીઓની સફાઈ થતી નથી. ઘણી જગ્યાએ પાણી અને ગટરની લાઈનોભેળસેળ થતી હોવાની બુમરાડો ઉઠે છે ત્યારે શહેરના રેલવે સ્ટેશન વોર્ડ ન.૧૦માં આવેલ વિશ્વકર્માનગર ખાતે રહેતા દિનેશભાઈ ઓઝા નિત્યક્રમ મુજબ સવારે પાણી આવવાના સમયે બાથરૂમમાં ન્હાવા ગયા હતા અને પાણીનો નળ ચાલુ કરતા જ પાણી સાથે કઈંક પડ્યું હોવાનો અવાજ આવતા તેઓ ગભરાઈને બહાર દોડી આવ્યા હતા. બાદમાં તેમના પરિવારજનોએ બાથરૂમમાં તપાસ કરતા ટબમાં વીંછી જોવા મળ્યો હતો તેથી તમામના હોશકોશ ઉડી ગયા હતા. જો કે એ પછી વીંછીને પકડી બહાર ફેંકી આવ્યા હતા જે સમાચાર વાયુવેગે વિસ્તારમાં પ્રસરી ઉઠતા દહેશતનો માહોલ છવાયો હતો. ખાસ કરીને મહિલાઓએ તો આંચકો અનુભવ્યો હતો. નગરપાલિકાની ઘોર લાપરવાહીના કારણે પીવાના પાણીની ટાંકીની સફાઈ થતી નથી તેથી લોકોને દૂષિત પાણી પીવું પડે છે. તેથી પાલિકા સામે લોકોએ રોષ ઠાલવી પાણીની ટાંકીની સત્વરે સફાઈની માંગ કરી હતી.

વિજયનગર તાલુકાની પ્રાથમિક શાળા નંબર-૨ના પરાક્રમો

વિજયનગર, તા. ૧૩

વિજયનગર તાલુકાની પ્રાથમિક શાળા નંબર- ૨મા ધોરણ ૨ મા અભ્યાસ કરતા વિદ્યાર્થી (જિનેન્દ્રકુમાર રાહુલભાઈ શાહ ઉ. વ. આ-૭)ને સરકારી શાળાના



શિક્ષિકા ગીતાબેન તથા અન્ય એક બેન બીજા છેલ્લા એક વર્ષથી બાળકને માનસિક અને શારીરિક રીતે અને જાતિવાચક શબ્દનો ઉપયોગ કરી અવારનવાર ખોટા બહાનાઓ ઉભા કરી માર મારવામા આવતો હતો. જે બાબતની જાણ તેમના ઉપલા અધિકારીઓને કરવા છતાં પણ અટકાયતી પગલાં ના ભરાતા તારીખ ૧૦-૭-૨૦૧૯ના રોજ સરકારી શાળાના ગીતાબેન પટેલે નઈ જેવી બાબતે ખોટા વાંધા-વચકાઓ ઉભા કરી એક સાત વર્ષના નાના કુમળા બાળકને ઢોરમાર મારી શાળામાંથી તગેડી મુકવામાં આવેલ છે. અને વિદ્યાર્થીના વાલીને ધમકીઓ આપવામાં આવે છે કે અમારા વિરુદ્ધમાં જો કોઈને ફરિયાદ કરશો તો તમારા બાળકને લાલ ચેરો મારી સર્ટી આપી દેવામાં આવશે. અને તમારા બાળકનું ભવિષ્ય ઝીરો કરી દેવામાં આવશે. જેથી વિદ્યાર્થીના વાલીએ ધમકીઓથી બાળકનું ભવિષ્ય જોતા શિક્ષણ ખાતામાં ન્યાય મેળવવાં માટે અને નાના કુમળા બાળકને ઢોરમાર મારેલ તે શિક્ષિકાના વિરુદ્ધમાં ન્યાયના વિશાળ હિતમાં ન્યાયિક તપાસ કરી કાયદેસર ફરિયાદ દાખલ થવા માંગ કરેલ છે અને વિદ્યાર્થી અને વાલી જોડે (વિદ્યાર્થીની માતા જોડે)જાતિવાચક અને અપમાનિત શબ્દોનો ઉપયોગ કરી બાળકને ઢોરમાર મારેલ છે. અને બાળકને પેટના ભાગે માર વાગવાથી ઉલ્ટીઓ ચાલુ થતા વિજયનગર રેફરલ સિવિલ હોસ્પિટલમાં સત્વરે સારવાર માટે લઈ ગયેલ અને સિવિલના તબીબે સારવાર દરમિયાન વિદ્યાર્થીના વાલીને જણાવેલ કે બાળકની તબિયત ગંભીર છે જેથી કોઈ સારી હોસ્પિટલ મા દાખલ કરવા જાહેર કરેલ જેથી વિદ્યાર્થીના પિતાએ બાળકોની હોસ્પિટલમાં બાળકને દાખલ કરવામાં આવેલ છે.

મોડાસા રૂરલ પોલીસે બુટલેગરોનો કીમિયો નિષ્ફળ બનાવી દારૂ પકડ્યો

આઈસર ટ્રકના ગુપ્ત ખાનામાંથી ૪.૬૨ લાખનો દારૂ સાથે ૨ને દબોચ્યા

મોડાસા, તા. ૧૩

ગુજરાતમાં કહેવાતી દારૂબંધીનો બુટલેગરો ફાયદો ઉઠાવી વિદેશી દારૂ ઘુસાડી દારૂના શોખીનો

પાસેથી બોટલના મનફાવે તેટલા રૂપિયા વસૂલી કરોડો રૂપિયા ખિસ્સામાં સેરવી રહ્યા છે. બુટલેગરો રાજ્યમાં વિદેશી દારૂ ઘુસાડવા માટે નિતનવા નુસખા અપનાવી પ્રયત્નશીલ રહે છે. મોડાસા રૂરલ પોલીસે ગાજણ ટોલટેક્ષ નજીકથી આઈસર ટ્રકમાં ગુપ્ત ખાનામાં સંતાડેલો ૪.૬૨ લાખનો વિદેશી દારૂ ઝડપી ૨ શખ્સોને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શુક્રવારે રાત્રે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના એસ.એચ. શર્મા મોડાસા-શામળાજી રોડ પર ગાજણ ટોલટેક્ષ નજીક વાહનચેકીંગ હાથ ધર્યું હતું. બાતમીના આધારે શામળાજી તરફથી આવતી આઈસર ટ્રક (ગાડી. આરજે. ૧૮. જીબી. ૩૩૨૮)ને અટકાવી તલાસી લેતા ટ્રકમાં બનાવેલ ગુપ્ત ખાનું મળી આવતા તેમાં સંતાડેલી વિદેશી દારૂની બોટલ નંગ-૯૨૪ કી. રૂ. ૪૬૨૦૦૦ ઝડપી પાડી અનિલસિંગ ધરમવીર જાટ અને વિજય રામઅવતાર ચમાર (બંને રહે,હરિયાણા)ને પકડી પાડી આઈસર ટ્રકની કી. રૂ. ૧૦૦૦૦૦૦ મળી કુલ રૂ.૧૪૬૨૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બંને શખ્સો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

ગાજણ ટોલટેક્ષ નજીકથી પકડેલ ૪.૬૨ વિદેશી દારૂનો જથ્થો ક્યાં લઈ જવાતો હતો તેની માહિતી મેળવવા રૂરલ પોલીસે બંને આરોપીઓની પૂછપરછ હાથ ધરી હતી.

શામળાજીના શામળપુર નજીક આઈવા ડમ્પરે બાઈકને અડફેટે લેતા બાઈકના બે ટુકડા

લશ્કરમાં ફરજ બજાવતા યુવક સહીત ૨ના મોત

શામળાજી, તા. ૧૩

અરવલ્લી જીલ્લામાં ખાણખનીજ વિભાગ અને



આરટીઓ તંત્રની મીલીભગતથી બેફામ રીતે ખનીજ ચોરી કરી જીલ્લાના મુખ્ય અને અંતરિયાળ માર્ગો પર બેફામ ગતિએ પસાર થતા આઈવા ડમ્પર અને ટ્રક-ટ્રેકરની અડફેટે અનેક નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓનો ભોગ લેવાયો છે.

શામળાજી-ભિલોડા રોડ પર શામળપુર ગામ નજીક આઈવા ડમ્પર ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈક સવાર નાના કંથારિયાના બે આશાસ્પદ યુવકોના ઘટનાસ્થળે કમકમાટીભર્યા મોત નિપજતા હાહાકાર મચ્યો હતો. શામળાજી પીએસઆઈ કેતન વ્યાસ તાબડતોડ અકસ્માત સ્થળે પહોંચી બંને યુવકોના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલ મયુરકુમાર શૈલેષભાઈ સુવેરા આર્મીમાં ફરજ બજાવતો હતો અને પરિવારમાં એક જ પુત્ર હોવાથી પરિવારનો કુળદિપક બુજાતા પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી.

નાના કંથારિયાનો અને લશ્કરમાં ફરજ બજાવતો મયુરકુમાર શૈલેષભાઈ સુવેરા (ઉં.વર્ષ-૨૫) કામકાજ અર્થે રજા પર વતન આવ્યો હતો. શુક્રવારે ગામના જ મિત્ર લુકિયશકુમાર એલિયા ગામેતી (ઉં.વર્ષ-૨૨) એવેન્જર બાઈક પર શામળાજીથી ભિલોડા તરફ પસાર થતા શામળપુર ગામ નજીક કાળ બની ત્રાટકેલા આઈવા ડમ્પર (ગાડી. જીજે.૩૧.સી.૪૪૨૬)ના ચાલકે ગફલતભરી રીતે હંકારી ધડાકાભેર ટક્કર મારતા બાઈકના બે ટુકડા થઈ જતા બાઈક સવાર ફોજી યુવક અને મિત્ર રોડ પર પટકાતા બંનેનું ઘટનાસ્થળે પ્રાણ પંખેરું ઉડી જતા અકસ્માતના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. શામળાજી પોલીસે ઘટનાસ્થળે પહોંચી બંને યુવકના મૃતદેહને પીએમ માટે ખસેડી ફોજી યુવકની માતા દિપીકાબેન શૈલેષભાઈ સુવેરાની ફરિયાદના આધારે અકસ્માત સર્જી ફરાર ડમ્પર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

નાના કંથારીયા ગામના આર્મી જવાન સહીત અન્ય આશાસ્પદ યુવકના મોતના પગલે શામળાજી હોસ્પિટલ ખાતે પરિવારજનો અને મોટી સંખ્યામાં સગા-સંબંધી ઉમટી પડ્યા હતા અને આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. આદિવાસી સમાજના અગ્રણીઓ પહોંચી પરિવારજનોને શાંત્વના આપી અંતિમ ક્રિયામાં જોડાયા હતા.

અરવલ્લી જીલ્લા પોલીસવડાએ ત્રણ પીએસઆઈની આંતરિક બદલી કરી

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ચાર્જ સંભાળતાની સાથે જીલ્લાના વિવિધ શહેરી અને ગ્રામ્યવિસ્તારના પોલિસ અધિકારીઓ અને કર્મચારીઓ બદલીનો ગંજીપો છિપાવાનું ચાલુ કર્યું છે. પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પણ સતત પોલીસવડા દ્વારા થઈ રહેલી બદલીઓનુ ગણિત સમજવામાં થાપ ખાઈ રહ્યા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. ત્યારે વધુ એક વાર ત્રણ પીએસઆઈની આંતરિક બદલીના ઓર્ડર કરી જીલ્લા પોલીસતંત્રમાં ભારે ઉલટફેર કરવામાં આવતા વારંવાર કરાતી બદલીઓ સામે અનેક પ્રશ્નાર્થ પેદા થયા છે. જીલ્લામાં થતી વારંવાર બદલીઓ પાછળ એક પોલીસ કર્મચારી મહત્વનું પરિબળ હોવાનું પોલીસબેડામાં ચર્ચાઈ રહ્યું છે.

શામળાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ રાજ્યમાં ઠલવાઈ રહ્યો હોવાનું જગજાહેર છે. શામળાજી પોલીસ સ્ટેશન અધિકારીઓ અને કર્મચારીઓમાં મલાઈદાર પોલીસ સ્ટેશન તરીકે જાણીતું છે. શામળાજી પીએસઆઈ કેતન વ્યાસની બુટલેગરો પર ધોંસ વધારતી સફળ કામગીરી છતાં તેમની એકાએક બદલી કરી લી.રી. એટેચ એલસીબી (પેરોલ ફર્લો વધારાનો ચાર્જ) સ્થળે બદલી કરી તેમના સ્થાને શામળાજી પોલીસ સ્ટેશનમાં એસ.એચ શર્માની બદલી કરતા પોલીસતંત્રમાં પોલીસવડા મયુર પાટીલની કામગીરી સામે ભારે ચણભણાટ શરુ થયો છે. લી.રી.એટેચ એલસીબી પીએસઆઈ કે.એસ. સીસોદીયા ને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં બદલીનો આદેશ કરવામાં આવ્યો હતો.

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં વહીવટદાર તરીકે જાણીતા પોલીસ કર્મચારીનો પોલીસવડા કચેરીમાં ભારે દબદબો હોવાનો અને તેના ઈશારે તેના માનીતા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની બદલી થતી હોવાનું પોલીસબેડામાં ચર્ચાનું કેન્દ્ર બની છે. જીલ્લા પોલીસવડા મયુર પાટીલને કેટલાક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ જીલ્લામાં થતી અસામાજિક પ્રવૃતિઓથી દૂર રાખવામાં સફળ રહ્યા હોવાની ચર્ચા પણ પોલીસબેડામાં થઈ રહી છે.

બેટી બચાવો બેટી પઢાવો, સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવો

ભિલોડા ગામની બે મહિલા તબીબે માતાની પુણ્યતિથિ નિમિત્તે અનોખી રીતે ઉજવણી કરી : ભિલોડા માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા વિદ્યાલયમાં નિઃશુલ્ક નિદાન, સારવારનો ૧૯મો કેમ્પ કર્યો

ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા ગામની બે મહિલા તબીબે માતૃઋણ તર્પણ કરવા સારૂ માતા સ્વ.લક્ષ્મીબેન દિલીપભાઈ સાહેબ,ફીમેલ હેલ્થ વર્કરની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે અનોખી રીતે ઉજવણી કરી શ્રધ્ધાજલી માતાને અર્પણ કરી હતી.જરૂરીયાતમંદ દર્દીઓની નિઃશુલ્ક નિદાન, સારવારનો આજ દિન સુધીમાં ૧૯મો કેમ્પ પુર્ણ કર્યો હતો.માતૃશ્રી આર. જે. તન્ના પ્રેરણા વિદ્યાલયના પ્રાર્થના હોલમાં નિઃશુલ્ક નિદાન અને સારવાર કેમ્પમાં સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવો, બેટી બચાવો,બેટી પઢાવો, બેટી વધાવો અભિયાન સાર્થક કરવાનો અનેરો પ્રયાસ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે બે મહિલા ડાક્ટર ડા.વિશાલદેવ દિલીપભાઈ સાહેબ, ડા.શૈલદેવ દિલીપભાઈ સાહેબએ છેલ્લા પાંચ વર્ષથી માતા સ્વ. લક્ષ્મીબેન સાહેબ, ફીમેલ હેલ્થ વર્કરની પુણ્યતિથીની ઉજવણી પ્રસંગે દર્દીઓને નિઃશુલ્ક નિદાન અને સારવાર કેમ્પમાં વિદ્યાર્થીઓ, દર્દીઓનું નિદાન, સારવાર કરવાનું જે ભગીરથ યજ્ઞ કરી રહ્યા છે તે ખુબ જ પ્રશંસનીય છે. દર્દીઓની સારવાર કરી સમાજને નવો રાહ ચિંધ્યો છે.

બે મહિલા ડાક્ટર ડા. વિશાલદેવ ડી. સાહેબ, ડા. શૈલદેવ ડી. સાહેબના માતૃશ્રી સ્વ. લક્ષ્મીબેન દિલીપભાઈ સાહેબ આરોગ્ય વિભાગમાં નોકરી કરતા હતા. લક્ષ્મીબેન લોકોના આરોગ્યની સુખાકારી માટે હંમેશાં તત્પર રહેતાં હતા. માતાના અવસાન પછી બંન્ને ડાક્ટર દિકરીઓ અવાર-નવાર તેમજ પ્રતિ વર્ષ માતાની પુણ્યતિથી નિમિત્તે નિદાન અને સારવાર કેમ્પ કરતા હોય છે. દિલીપભાઈ સાહેબ એડવોકેટની બે ડાક્ટર દિકરીઓએ માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા વિદ્યાલયમાં નિદાન અને સારવાર કેમ્પ કર્યો હતો.૪૬૨ થી વધુ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો.

ડીસાના રેલવે સ્ટેશન વિસ્તારમાં રખડતા ઢોર પકડવાની કવાયત

બનાસકાંઠા જિલ્લાના વેપારી અને તાલુકા મથક ડીસામાં રખડતા ઢોરોની સમસ્યા દિન પ્રતિદિન વિકરાળ બની રહી છે. ખાસ કરીને રેલવે સ્ટેશન રોડ ઉપર સડેલા બટાટા ફેંકાતા રોડ ઉપર જ ગાયો અને આખલાઓનો અડીંગો જોવા મળે છે તેથી વિશ્વકર્મા સહિતની સોસાયટીના લોકોને નીકળવું મુશ્કેલ બની જાય છે. ભૂરાટા બનીને દોડતા આખલા રાહદારીઓને અડફેટે પણ લે છે જેને ધ્યાને લઈ પાલિકા દ્વારા ઢોર પકડવાની કામગીરી રાતનાં સુમારે શરૂ કરાઈ છે તેમ અમિતભાઈ રાજગોરે જણાવી કોન્ટ્રકટર અને તેમની ટિમ રખડતા પશુ મહામુસીબતે પકડી પાંજરાપોળમાં મુકતા હોવાનું ઉમેર્યું હતું. મોડે મોડે પણ પાલિકાની કામગીરીથી લોકોએ રાહતનો દમ લીધો છે.

ધનસુરા પોલીસે શિકા ચોકડી નજીક રિક્ષામાંથી સરખેજના બુટલેગરને ૩૦ હજારના દારૂ સાથે ઝડપ્યો

અરવલ્લી જીલ્લાના મુખ્યમાર્ગો અને અંતરિયાળ વિસ્તારના માર્ગો પરથી રાજ્યમાં નાના-મોટા વાહનો મારફતે વિદેશી દારૂ ઘુસાડવા સતત પ્રયત્નશીલ હોય છે. મોટા ભાગના બુટલેગરો સફળ રહેતા બુટલેગરોની પણ હિંમત ખુલતા સતત પ્રયત્નો કરી રહ્યા છે. ધનસુરા પીએસઆઈ દેસાઈ અને ઈન્ચાર્જ પીએસઆઈ કે.કે. રાજપૂતની રાહબળી હેઠળ ધનસુરા પોલીસે શિકા ચોકડી નજીક સીએનજી રીક્ષામાંથી ૩૦ હજારના વિદેશી દારૂની ધરપકડ કરી અમદાવાદ સરખેજના સદ્દામ ઉર્ફે અયાન મહમ્મદખાન પઠાણની ધરપકડ કરી કુલ રૂ.૧૩૦૦૦૦ મુદ્દામાલ સાથે ઝડપી પાડી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીમાં ગરમાયો

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી બે વાર અલગ-અલગ મુદ્દે મુલતવી રહ્યા પછી ૧૪ જુલાઈને રવિવારના યોજાનાર જીલ્લા શિક્ષક સંઘની ચૂંટણી મોકૂફ રહી હોવાની અફવા સામે ચૂંટણી અધ્યક્ષ હરેશ ભાઈ ડી. સુથારના નામે રવિવારે જીલ્લા શિક્ષક સંઘની ચૂંટણી યોજાશે અને શિક્ષકોએ ગેરમાર્ગે દોરાવવું નહિનો મેસેજ સોશ્યલ મીડિયામાં વહેતો મુકતા ચૂંટણી પૂર્વે ભારે ગરમાવો આવી ગયો છે. અરવલ્લી જિલ્લાના તમામ શિક્ષક ભાઈ બહેનોને જણાવવાનું કે આજરોજ કેટલાક ન્યુઝ પેપરની અંદર યેનકેન પ્રકારે કોઈ આધાર પુરાવા વગર ચૂંટણી પ્રક્રિયા રદના સમાચાર છપાવી જિલ્લાના શિક્ષકોને મતદાનના લાભથી વંચિત રાખવાનો વારંવાર પ્રયાસ કરવામાં આવે છે. જે એક શિક્ષક સમાજ માટે શરમજનક બાબત છે. હાલ ચૂંટણીનું જાહેરનામું બહાર પડ્યું હોય જિલ્લા સંઘમાં સર્વોપરી ચૂંટણી પંચ જ હોય છે. જેમાં બંધારણના નિયમોને ધ્યાનમાં લેતા કોઈ નવીન હોદ્દેદારોની નિમણુંક થઈ શકતી નથી. જેથી નવીન ગેર બંધારણીય રીતે બની બેઠેલા હોદ્દેદારોની વાતને ધ્યાનમા ના લેતા તા ૧૨-૭-૧૯ના રોજ જિલ્લા પ્રાથમિક શિક્ષણધિકારીના આદેશ અને કોર્ટના આદેશને ધ્યાનમાં રાખતા ચૂંટણી પંચના અધ્યક્ષ સ્થાનેથી તા. ૧૪-૭-૧૯ના રોજ અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી માટે જિલ્લાના તમામ તાલુકા મથકે ચૂંટણી પ્રક્રિયા યોજાશે તેવા મેસેજથી ચૂંટણીમાં ભારે ગરમાવો સાથે ચૂંટણીમાં નવાજુની થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.